## 'સેવા રૂરલ'ના બે દશકા

સેવા-રૂરલને તેના કાર્યની શરૂઆત કર્યાને જોતજોતામાં ૨૦ વર્ષ પૂરાં થયાં. આ ૨૦ વર્ષ દરમિયાન મૂલ્યોને જાળવતાં જાળવતાં ધ્યેય પ્રાપ્તિની દિશામાં અવિરત દડમજલ ચાલુ રહી. છેવાડાના માણસને કેન્દ્રમાં રાખી પ્રવૃત્તિની શરૂઆત જે હોસ્પિટલની કામગીરીથી થઈ હતી, તેમાં વિવિધ કાર્યક્રમો સમયાંતરે ઉમેરાતા ગયા. આરોગ્યલક્ષી કાર્યક્રમો તો ખરા જ, સાથે આર્થિક કાર્યક્રમો, ખાસ કરીને બહેનોની પ્રવૃત્તિઓ અને શૈક્ષણિક કાર્યક્રમોનો પણ ઉમેરો થયો. પ્રવૃત્તિઓનો વ્યાપ પણ ખૂબ વધ્યો. આજુબાજુનાં ૪૦ ગામોમાં તો આરોગ્ય સંભાળનું કામ ઘનિષ્ઠપણે થયું જ. તે ઉપરાંત લગભગ ૧૫૦૦ જેટલાં ગામોમાં પાંચેય આદિવાસી તાલુકાઓના દર્દીઓ હોસ્પિટલની સેવાઓનો લાભ મેળવી શક્યા. બે દાયકાની વિકાસ યાત્રા ઉપર નજર નાખતાં સ્પષ્ટ જણાય છે કે ઈશ્વરકૃપા, વ્યાપક સમાજની શુભેચ્છા અને સહયોગ. ગ્રામ કક્ષાના સ્વયંસેવકો અને નિષ્ઠાવાન તથા સેવાભાવી કાર્યકરો સાંપડવાથી આ કાર્ય શક્ય બન્યું. વધુમાં કાર્યક્ષેત્રમાં ઝુકાવીશું એટલે મદદ અવશ્ય મળશે જે એવા સ્વામી વિવેકાનંદના કથનની દિનપ્રતિદિન પુષ્ટિ થતી રહી.

૨૦ વર્ષ ઓક્ટોબર ૨૦૦૦માં પૂરાં થતાં બે દાયકાના પૂરા થયેલા કામને મૂલવવા-માણવા માટે વાર્ષિક કાર્યક્રમનું આયોજન નવેમ્બરમાં કરવામાં આવ્યું.

સમય જતાં જો સભાનતા અને તકેદારી રાખવામાં ન આવે તો સંસ્થા નિષ્પ્રાણ બની જવાની શક્યતા રહે છે. કાર્યકરોમાં જીવંતતા-જાગૃતતા તથા કાર્યક્રમોમાં અસરકારકતા જળવાય, તે હેતુથી વિવિધ સ્તરે સ્ટાફ સાથે ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. પટાવાળા, આયા, સફાઈ સેવક, વિ. સ્ટાફના કર્મચારીઓ સાથે આખો દિવસ ઝઘડિયાના કામથી અલગ થઈ ગુમાનદેવમાં જઈ તંદુરસ્ત ચર્ચાઓ જાન્યુઆરી ૨૦૦૧માં કરવામાં આવી હતી. ચર્ચાને અંતે બધાના મતો અને વિચારોને ધ્યાનમાં લઈ સંસ્થાના મજબૂત અને નબળા પાસાંઓની યાદી તૈયાર કરવામાં આવી, જેની ઝલક નીચે જોવા મળે છે.

**સંસ્થાનાં મજબૂત પાસાંઓ :**

- ★ ગરીબોનું કામ થાય છે.
- ★ સમાજમાં સંસ્થાની ઊજળી છાપ.
- ★ સંસ્થા શરૂ કરવા માટેની પ્રેરણા.
- ★ સત્યનિષ્ઠા અને ચોખ્ખા હિસાબોનો આગ્રહ.
- ★ રાજકારણથી અલિપ્તતા.
- ★ બહેનોનું સન્માન-સલામતી.
- ★ સેકન્ડ કેડર તૈયાર કરવામાં સભાનતા.
- ★ વૈજ્ઞાનિક અભિગમ.
- ★ કાર્યકરો માટે સ્વવિકાસની તક.
- ★ દંપતીઓને નોકરીની તક.
- ★ ઊંચનીચનો ભેદભાવ નથી.
- ★ પરિવારની ભાવના-સરખાપણું.
- ★ સર્વધર્મ સમભાવ.
- ★ સામૂહિક નિર્ણય લેવાની રીત.

**સંસ્થાનાં નબળાં પાસાંઓ :**

- ★ સંસ્થાના કાર્યોની માહિતી જનસમુદાય સુધી પહોંચતી નથી.
- ★ રવિવાર તેમજ રજાના દિવસે કામ હોય છે.
- ★ જે તે ફિલ્ડના નિષ્ણાતો મળતા નથી - મળે તે ટકતા નથી.
- ★ મોંઘવારીના પ્રમાણમાં પગાર ઓછો.
- ★ મીટીંગ અને ચર્ચામાં સમય વધુ બગડે છે.
- ★ ડોક્ટરો લાંબા સમય સુધી રહેતા નથી.
- ★ આપણું કામ આરોગ્ય પૂરતું ફિલ્ડમાં સીમિત છે.

૨૦મા વર્ષના વાર્ષિક કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદના પ્રતિનિધિ સમા રામકૃષ્ણ મિશન (ચેન્નાઈ)ના પૂ. સ્વામી બ્રહ્મેષાનંદજીએ હાજર રહી આશીર્વચન આપ્યાં હતાં. મારી બદલી ઝાબ્મિયા થઈ છે. સેવા-રૂરલમાં થાય તો તરત અહીં આવી જાઉં. સ્વામી વિવેકાનંદ આવું જ કામ થાય એમ ઇચ્છતા હતા. અહીં આરોગ્ય સેવા નથી થતી પરંતુ યોગીનારાયણની પૂજા થાય છે. આ સંસ્થાને ૨૦ વર્ષ થયાં, હવે તે યુવાન થઈ એવું કહેવાયું. હું ઇચ્છું કે એ ક્યારેય વૃદ્ધત્વ ન પામે. સદાય વિકસતી રહે. તેમનાં આવા વચનો સાંભળી સૌને પ્રોત્સાહન મળ્યું. ઉપરાંત જેઓ સમાજ પરિવર્તનની દિશામાં વર્ષોથી ખેડાણ કરી રહ્યા છે તેવા ગાંધીજીના પ્રતિનિધિ સમા આદરણીય નારાયણભાઈ દેસાઈ (વેડછી) તથા આદરણીય ડૉ. રમણીકભાઈ દોશીકાકા (ચિખોદ્રા)ની હાજરીએ ૨૦ વર્ષની ઉજવણીને ઉત્સાહવર્ધક દિશા આપી. નારાયણભાઈએ સેવા કરનારના ત્રણ પ્રકારો જણાવ્યા : તમોગુણી, રજોગુણી અને સત્ત્વગુણી. સત્ત્વગુણી જેમ જેમ કાર્ય કરે તેમ તેમ તેનો અહંકાર ઘટતો જાય અને સંતોષમાંથી જન્મેલી શાંતિ મેળવતો જાય. અહીં સેવાનું સાત્ત્વિક રૂપ છે. વ્યક્તિગત સેવાના ક્ષેત્રનો સામાજિક સેવા સાથે સમન્વય પણ કરવાનો છે. દરેક માણસમાં રહેલું સારાપણું જગાડીએ. અહીંથી આપણે સહુ સામૂહિક સાધનાનો મંત્ર લઈને જઈએ. મુ. દોશીકાકાએ કહ્યું કે સંપન્ન લોકો વંચિતોને સહાય કરે એ ગાંધીજીનું કામ છે અને હું અહીં જાત્રા કરવા આવ્યો છું.

**વાર્ષિકોત્સવમાં હાજર શુભેચ્છકોનાં પ્રાસંગિક પ્રવચનોનાં મુખ્ય સૂચનો :**

★ ટ્યુટોરિયલનું શૈક્ષણિક કાર્ય સેવા-રૂરલ કેમ્પસમાં તાલુકા મથકે જઈ રહ્યું છે, તેના કરતાં ગામડામાં જઈને થઈ શકે તો સારું. ગણિત-વિજ્ઞાન-અંગ્રેજીનું શિક્ષણ ગામડાંઓ સુધી વિસ્તરે.

★ વૈશ્વીકરણ-ઉદારીકરણથી અમુક ઉદ્યોગો બંધ થતાં બેકારી વધી, તે દૂર કરવા શું થઈ શકે ?

★ વિ.જી.ટી.કે. ના વિદ્યાર્થીઓને ચાલુ ટ્રેડની સાથોસાથ એરકન્ડીશનર અને ડીઝલ-પંપ રીપેરીંગ વિગેરે ટૂંકા ગાળાના કોર્સ ભણાવવા.

★ વ્યક્તિનો વિકાસ થશે તો સંસ્થાનો વિકાસ થશે જ, કામ ધીમું થાય પણ સર્વસંમતિથી થાય તો કામ આગળ વધશે.

★ શિક્ષણના ક્ષેત્રે ગ્રામીણ સ્તરે કામ કરવાની જરૂર છે. જે વિસ્તારમાં સેવા કાર્ય કરવાના હો, તે વિસ્તારમાંથી જ કાર્યકરો પસંદ કરો.

★ સેવા-રૂરલની પ્રવૃત્તિઓનું લખાણ બરાબર લખાઈને લોકો સુધી પહોંચવું જોઈએ.

★ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ૧૦ વર્ષના કામના અનુભવોની અસરકારક રજૂઆત સરકારમાં થવી જોઈએ.

★ ગરીબ દર્દીઓ અને સગાંને વિનામૂલ્યે જમવાનું મળે, તે વ્યવસ્થામાં વધારો કરવો.

★ ૨૫મા વર્ષનો વાર્ષિક કાર્યક્રમ સેવા-રૂરલને બદલે ગામલોકોએ યોજવો જોઈએ.

★ વૈજ્ઞાનિક અભિગમનો લાભ છેવાડાના માણસને મળે તેવી ગોઠવણ  કરવી.

કસ્તુરબા મેડીકલ એઈડ સોસાયટીના ખૂબ જ અગત્યના યોગદાન અને મદદને પરિણામે સેવા-રૂરલની શરૂઆત ઝઘડિયામાં ૧૯૮૦માં થઈ હતી. હોસ્પિટલ સેવા-રૂરલને લીઝમાં આપેલ, જેની સમયમર્યાદા તા. ૩૧-૩-૨૦૦૩માં પૂરી થાય છે. સેવા-રૂરલના ગરીબલક્ષી અને મૂલ્ય આધારિત બે દાયકાનાં સંતોષકારક કામ જોઈ, કે. એમ. એ. સોસાયટીએ એમની સંસ્થાની બે સ્વતંત્ર મીટીંગ અને ઠરાવ વડે કાયમી ધોરણે કસ્તુરબા હોસ્પિટલ સેવા-રૂરલને જમીન, બિલ્ડીંગ અને સાધનો સાથે તથા વિનાશરતે આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્ય મહેમાનો, ગ્રામકક્ષાના કાર્યકરો, સ્થાનિક આગેવાનો અને અન્ય મહેમાનોના પ્રોત્સાહન અને લાગણીસભર ભાવના તથા વિચારોથી વાતાવરણમાં ઉષ્મા અને સંસ્થાના કાર્યકરોમાં ઉત્સાહ આવી ગયાં અને હવે પછીના આવતા સમય માટે મોટું ભાથું મળ્યું.

છેવાડાના માણસ સુધી પહોંચવું, મૂલ્ય આધારિત કામગીરી અને સ્વવિકાસ સેવા-રૂરલનું મિશન છે અને રહેશે. જ્યારે સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દષ્ટિકોણ આપણા માર્ગદર્શક જીવનસૂત્રોનું બધી જ પ્રવૃત્તિઓમાં યોગ્ય સંયોજન થતું રહ્યું છે અને ભવિષ્યમાં પણ તેવો જ પ્રયત્ન રહેશે.....

**ડૉ. લતાબહેન દેસાઈ** (ઝઘડિયા)